૬૧૭

**માનસિક, શારીરિક રીતે અશક્ત બાળકોને આજીવન કુટુંબ પેન્શન આપવા બાબત.**

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક : નવત-૧૨૯૯-૧૧૭૦-પી,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૦૬/૧૦/૧૯૯૯.

સંદર્ભ : (૧) તા.૧-૭-૭૨ નો ઠરાવ ક્રમાંક : એફપીઓસી-૧૦૭૧-જ,
(૨) તા.૬-૭-૮૯ નો ઠરાવ ક્રમાંક : એનવીટી-૧૩૮૭-જીઓઆઇ-૧૨-પી-૧,
(૩) તા.૬-૭૮૯ નો ઠરાવ ક્રમાંક : એનવીટી-૧૩૮૭-જીઓઆઇ-૨-૫,
(૪) તા.૨૨-૨-૯૬નો ઠરાવ ક્રમાંક : એનવીટી-૧૩૯૫-૧૨૦-પી,
(૫) તા.૨૪-૬-૯૭નો ઠરાવ ક્રમાંક : એનવીટી-૧૩૯૫-૧૨૦-પી,
(૬) તા.૨૦-૧-૯૮ નો ઠરાવ ક્રમાંક : પીજીઆર-૧૦૯૮-૭-ઓમ.

**ઠ રા વ ::-**

આમુખમાં દર્શાવેલ નાણાં વિભાગના તા.૬-૭-૮૯ ના ઠરાવથી નિવૃત્ત સરકારી કર્મચારી (પેન્શનર)ના માનસિક / શારીરિક રીતે અશક્ત બાળકોને આજીવન કુટુંબ પેન્શનનો લાભ આપવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે. ત્યારબાદ તેમાં વખતોવખત સુધારાઓ પણ કરવામાં આવ્યા છે. હાલની જોગવાઇઓ મુજબ આવા માનસિક અને શારીરિક રીતે અશક્ત બાળકોને કુટુંબ પેન્શનના લાભો આપવા માટે પેન્શનરના પેન્શન પેમેન્ટ ઓર્ડરમાં જે તે પેન્શનર તથા તેના પતિ / પત્ની મૃત્યુ પામે ત્યારબાદ જ આવા બાળકોનું નામ દાખલ કરી શકાય છે. આ જોગવાઇને કારણે એવા કેટલાક કિસ્સાઓ સરકારશ્રીના ધ્યાન ઉપર લાવવામાં આવેલ છે કે જેમાં પેન્શનર અને તેનાં પતિ / પત્ની એટલે કે આવા બાળકના માતા પિતા બન્ને મૃત્યુ પામે ત્યારબાદ, તેના બાળકને કુટુંબ પેન્શનનો લાભ મળવાપાત્ર હોવા છતાં તેનું નામ પેન્શન પેમેન્ટ ઓર્ડરમાં દાખલ કરાવીને પેન્શનના લાભો મેળવવામાં પારાવાર મુશ્કેલીઓ અનુભવવી પડે છે. આવા સંજોગોમાં માનસિક અને શારીરિક રીતે અશક્ત એવા, જે બાળકોને કાયમી કુટુંબ પેન્શનનો લાભ મળવાપાત્ર છે તેના નામો પેન્શનર તથા તેના પતિ / પત્ની એટલે કે આવા બાળકના માતા પિતાની હયાતીમાં જ દાખલ થઇ જાય તો આવા બાળકને પડતી મુશ્કેલીઓ નિવારી શકાય તેમ છે.

સરકારશ્રીએ ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં, આવા માનસિક અને શારીરિક રીતે અશક્ત બાળકો પ્રત્યે સહાનુભૂતિ દાખવીને કાળજીપૂર્વકની વિચારણાને અંતે હાલની પ્રવર્તમાન જોગવાઇઓમાં નીચે મુજબના વહીવટી ફેરફારો કરવાનું ઠરાવેલ છે.

-૨.

(૧) અમલમાં પેન્શન મેળવતા પેન્શનરોનાં જે બાળકો પ્રવર્તમાન નિયમોની જોગવાઇઓ અન્વયે માનસિક / શારીરિક રીતે અશક્ત બાળકો તરીકે આજીવન કુટુંબ પેન્શન મેળવવાને પાત્ર બને છે તેવાં બાળકોના નામ પેન્શન પેમેન્ટ ઓર્ડર (પી.પી.ઓ.) માં દાખલ કરવા માટે સંબંધિત પેન્શનરે આ ઠરાવની સાથે સામેલ પરિશિષ્ટ-૧ માં જણાવેલ નમૂના મુજબ ત્રણ નકલમાં અરજી તૈયાર કરીને તેઓ નોકરીમાંથી જે કચેરીમાંથી નિવૃત્ત થયા હોય તેમને મોકલી આપવાની રહેશે. સંબંધિત કચેરીએ પેન્શનર પાસેથી આ રીતે પરિશિષ્ટ-૧ માં જણાવ્યા મુજબની અરજીની ત્રણ નકલો મેળવ્યા બાદ તેમાં દર્શાવેલ વિગતોની ચકાસણી કરીને અરજીની બે નકલ અધિકૃત કરીને તથા આ સાથે સામેલ પરિશિષ્ટ-૨ માં જણાવેલ નમૂના મુજબ જરૂરી વિગતો ભરીને પેન્શનર જે તિજોરીમાંથી પેન્શન મેળવતા હોય તે તિજોરી કચેરીને મોકલી આપવાની રહેશે. એટલે કે પેન્શનરની અરજીને પ્રમાણિત કરીને (બે નકલોમાં) પરિશિષ્ટ-૨ મુજબની વિગતો ભરીને જે તે કચેરીએ સંબંધિત જિલ્લા તિજોરી કચેરીને આ વિગતો મોકલી આપવાની રહેશે.

(૨) તિજોરી અધિકારીએ જે તે કચેરી તરફથી મળેલ અરજીના આધારે આ અંગેના સરકારશ્રીના કરવામાં આવેલા વખતો વખત આદેશો પ્રમાણે ચકાસણી કરી, આજીવન કુટુંબ પેન્શનનો લાભ મળવા પાત્ર બાળકનું નામ દાખલ કરવા અને યથા સમયે પ્રસંગ ઉપસ્થિત થયે પેન્શનનું ચુકવણું કરવાની કાર્યવાહી કરવાની રહેશે. તેમજ તિજોરી અધિકારીશ્રીએ આવું નામ દાખલ કર્યાની વિગતો પરિશિષ્ટ-૧ અને ૨ ની નકલ સાથે નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડંડ ફંડની કચેરીમાં આજીવન કુટુંબ પેન્શન મળવાપાત્ર વ્યક્તિનું નામ દાખલ કર્યાની જાણ કરવાની રહેશે. નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડંડ ફંડની કચેરીએ આ અંગેની જરૂરી નોંધ પેન્શનરની પેન્શન ફાઇલમાં કરવાની રહેશે.

(૩) હવે પછી જે કર્મચારીઓ નિવૃત્ત થતા હોય અને તેઓનાં કુટુંબનાં સભ્યો પૈકી જો કોઇ બાળક માનસિક, શારીરિક રીતે અશક્ત હોય અને આજીવન કુટુંબ પેન્શનનો લાભ મળવાપાત્ર હોય તો તેવા કુટુંબના તમામ સભ્યોનાં નામ સહિત હાલના પેન્શન પેપર્સના સેટમાં જન્મ તારીખ અને પેન્શનર સાથેના સંબંધ સાથેની વિગતો સહિત પેન્શન પેપર્સ મોકલનાર કચેરીએ તે પ્રમાણિત કરી નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડંડ ફંડની કચેરીમાં પેન્શન મંજૂરી અર્થે પેન્શન પેપર્સ મોકલવાના રહેશે અને તેના આધારે નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડંડ ફંડની કચેરીમાં કુટુંબ પેન્શન મોકલનાર પાત્ર સભ્યોની વિગતો કે જેમાં આજીવન કુટુંબ પેન્શન મળવાપાત્ર થતું હોય તેવા માનસિક / શારીરિક અશક્ત બાળકોના નામ સહિતની વિગતો હવે પછી મંજૂર કરવામા આવતા પેન્શન પેપર્સમાં દર્શાવવાની રહેશે.

(૪) આ યોજના હેઠળનો લાભ ખાસ હુકમથી મંજૂર કરવામાં આવતા પેન્શન કેસો જેવા કે, પરવશી પેન્શન, ખાનગી, ખાસગી પેન્શન અથવા સ્પેશ્યલ કુટુંબ પેન્શન મેળવતા પેન્શનરોના કુટુંબના બાળકોને મળવાપાત્ર થશે નહીં.

(૫) ઉપર પેરા(૩) માં જણાવેલ સૂચનાઓનો અમલ તા.૧-૧૦-૯૯ પછી નિવૃત્ત થનાર કર્મચારીઓના કિસ્સામાં થાય તે જોવા તમામ વહીવટી વિભાગો / ખાતાના વડાઓ / કચેરીઓના વડાઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શામજી પટેલ
સંયુકત સચિવ, ગુજરાત સરકાર,
નાણા વિભાગ.

પ્રતિ,

* રાજયપાલશ્રીના સચિવશ્રી,
મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
બધા જ મંત્રીશ્રી / નાયબ મંત્રીશ્રી / રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
ગુજરાતના સંસદ અને વિધાનસભા સદસ્યશ્રીઓ (તમામ).
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત રાજય તકેદારી આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
સચિવાલયના તમામ વિભાગો.
તમામ ખાતાના વડાઓ.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ } તાબાની કચેરીઓને જાણ કરવાની વિનંતી સહ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
નિવાસી હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, અમદાવાદ.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડન્ટ ફંડ, ખાનપુર, લાલાકાકા એસ્ટેટ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, અમદાવાદ.
સર્વે તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
પેન્શન ચુકવણા અધિકારી, લાલદરવાજા, અમદાવાદ.
સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી,
નાણા વિભાગની તમામ શાખાઓ. (નાણા શાખાઓ સહિત)
સીલેકટ ફાઇલ / મદદનીશ સીલેકટ ફાઇલ.
"ક" વહેંચણી.

* પત્ર દ્વારા.

-- ૪ --

પરિશિષ્ટ–૧

ફોર્મ નં–૧.

માનસિક વગેરે રીતે અપંગ સંતાનોના નામ દાખલ કરવા માટે જે કચેરીમાં નિવૃત્ત થયા હોય તે કચેરીના વડાને કરવાની અરજી.

(૧) પેન્શનરનું નામ :

(૨) નિવૃત્તિની તારીખ :

(૩) પી.પી.ઓ નંબર :

(૪) કઈ તિજોરી/પેટા તિજોરીમાંથી પેન્શનનું પેમેન્ટ મેળવે છે તે માહિતી :

(૫) કઈ સ્કીમ નીચે પેન્શનની ચુકવણી થાય છે. :

(૬) નિવૃત્તિ/અવશાનની તારીખે જે કચેરીમાં હોય તે કચેરીનું નામ :

(૭) નિવૃત્તિ સમયનો હોદ્દો :

(૮) ભાગ–૧.

આજની તારીખે મારા કુટુંબના સભ્યોની વિગતો :–

| અ.નં | કુટુંબના સભ્યોના નામ | જન્મ તારીખ | પેન્શનર સાથે સબંધ | નોંધ |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |
| ૪. | | | | |
| ૫. | | | | |
| ૬. | | | | |

ભાગ–૨.

શારિરીક અપંગતા માનસિક અસ્થિરતા /અંધાપો ધરાવતા સંતાનો કે જેઓ પોતાનું ભરણ પોષણ કરવાને શકિતમાન નથી અને જેઓને આવી શારિરીક અપંગતતા/માનસિક/અસ્થિરતા/અંધાપો તેમની ૨૫ વર્ષની ઉંમર પહેલાં આવ્યે હોય અને ૨૫ વર્ષની વય બાદ પણ કુટુંબ પેન્શન મળવાપાત્ર થાય છે. તેવા સંતાનોની વિગતો.

| અ.નં | કુટુંબના સભ્યોના નામ | જન્મ તારીખ | પેન્શનર સાથે સબંધ | નોંધ |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |
| ૪. | | | | |
| ૫. | | | | |
| ૬. | | | | |

આ હેતુસર કુટુંબ એટલે...

(ક) પુરૂષ પેન્શનરના કિસ્સામાં પત્નિ.

(ખ) સ્ત્રી પેન્શનરના કિસ્સામાં પતિ.

(ગ) દત્તક લીધેલ પુત્ર અથવા પુત્રીઓ સહિત ૨૫ વર્ષથી ઓછી ઉંમરના અપરિણીત પુત્રો અને પુત્રીઓ.

(ઘ) તા.૬-૭-૧૯૮૯ ના ઠરાવ નંબર : એનપીટી/૧૩૮૭/૯૦/૧૨/પ-૧ ની જોગવાઇ મુજબ જે શારીરિક રીતે અશકત / માનસિક અસ્થિરતા અથવા અંધાપો ધરાવતા સંતાન હોય તો તેની વિગત સિવિલ સર્જનના પ્રમાણપત્ર સાથે આપના કુટુંબમાં માનસિક વગેરે રીતે અપંગ બાળક જો હોય તો ફકત આવા સંતાન-સંતાનોના પ્રમાણિત ફોટા વાલીના ફોટા અને સહીના નમુના સાથે ત્રણ નકલમાં રજુ કરવા.

(૯) માનસિક વગેરે અપંગતા કયારે દેખાઇ :

(૧૦) માનસિક અપંગતા કેસમાં વાલી મારફત પેમેન્ટ મેળવવાનું હોય તો વાલીનું નામ અને તેનો દાખલો.

પેન્શનરની સહી.

## પરિશિષ્ટ-૨.

પ્રતિ,
તિજોરી અધિકારીશ્રી,
______________________
______________________

વિષય:- પેન્શનરશ્રી ______________________
પી.પી.ઓ.નંબર : ______________________.
ના પી.પી.ઓમાં તેમજ અપંગ બાળકોનું નામ દાખલ કરવા અંગે.

મહાશય,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે આપની તિજોરીમાંથી પેન્શન મેળવતા પેન્શનરશ્રી______________________પી.પી.ઓ. નંબર __________ ______________________ ના પી.પી.ઓ. મા તેમના અંધ, અપંગ માનસિક અસ્થિરતા ધરાવતા બાળકનું નામ તેઓની નિવૃત્તિ સમયે દાખલ કરવામાં આવેલ નથી. તેઓના અવસાન બાદ સરકારશ્રીના તા.૬-૭-૧૯૮૯ ના ઠરાવ અન્વયે તેમના બાળકને આજીવન પેન્શન મળવાપાત્ર થાય છે. તેની ખાત્રી કરી જરૂરી પ્રમાણપત્રો સાથે પેન્શનરની અરજી આ સાથે મોકલું છે.

(૧) આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ______________________
અત્રેની કચેરીમાંથી ______________ ના હોદ્દા ઉપરથી ______________
ના રોજ નિવૃત્ત થયેલ છે. તેમનું સંતાન શ્રી ______________________
ઉંમર વર્ષ : ______________ માનસિક અસ્થિરતા/અંધ/અપંગતા ધરાવે છે તે અંગેની ખાત્રી જિલ્લાના સિવિલ સર્જનના પ્રમાણપત્રના આધારે મેં જાતે ખાત્રી કરેલ છે.

(૨) આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, પેન્શનરશ્રી ______________________
નું સંતાન ______________ તેમના જીવન નિર્વાહ પુરતું કમાવવાને અશક્તિમાન છે. તેની ખાત્રી મે જાતે કરી છે.

(૩) આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, પેન્શનરશ્રી ______________________
ના સંતાન શ્રી ______________________ માનસિક અસ્થિરતા /અંધ/અપંગતા તે સંતાનની કુટુંબ પેન્શન મેળવવાની ઉંમર (૨૫ વર્ષ) દરમ્યાન આવેલ છે. જેની મે જાતે ખાત્રી કરી છે.

તો ઉપરોક્ત વિગતે તેમના પીપીઓમાં આ અંગેની જરૂરી નોંધ કરી પેન્શનરને તથા અત્રેની કચેરીને જાણ કરવા વિનંતી છે.

અધિકારીની સહી.
અધિકારીનું નામ અને હોદ્દો સ્ટેમ્પ સાથે.

નકલ રવાના ::-

(૧) પેન્શન અને પ્રોવીડંડ ફંડ નિયામકશ્રી, અમદાવાદ.
(૨) પેન્શનરશ્રી ______________________